PASSPORT

SERIES- 2



આરાધના


પ.પૂ. સિદ્ધાંત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ

શ્રીમદ્‌વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજા



।। ॐ ह्रीँ श्रीँ अर्हं श्री सीमंधर स्वामिने नमः ।।

।। श्री प्रेम-भुवनभानु-जयघोषसूरीश्वर सद्गुरुभ्यो नमः ।।



આરાધના

પ. પૂ. સિદ્ધાંત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ

શ્રીમદ્‌વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજા

Passport Series – 2

પુસ્તક : આરાધના

વાચનાદાતા : પૂજ્યપાદ ગચ્છાધિપતિ ગુરુદેવશ્રી જયઘોષ સૂરીશ્વરજી મહારાજા

વાચનાતિથિ : અષાઢ સુદ-૧૪, ૨૦૭૪, ૨૬/૦૭/૨૦૧૮, ગુરુવાર

વાચનાસ્થળ : શ્રી પુષ્પદંત જૈન શ્વે.મૂ.પૂ.સંઘ, સેટેલાઈટ, અમદાવાદ.

સંપાદક : મુનિ રત્નભાનુ વિજય

પ્રકાશક : શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ

નકલ : ૧૦૦૦

કિંમત : ₹ ૨૦/-

ડિઝાઇન : હાર્દિક કાપડિયા (૯૯૩૦૨ ૦૨૩૩૫)

કંપોઝ : નિખિલ પટેલ (૯૯૭૮૫ ૫૪૫૦૦)

મુદ્રક : નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ (૯૮૨૫૫ ૯૮૮૫૫)

વિમોચન

પૂજ્યપાદ ગચ્છાધિપતિ ગુરુદેવશ્રીની દ્વિતીય માસિક પુણ્યતિથિ

પોષ વદ-૧, ૨૦૭૬, ૧૧/૧/૨૦૨૦, શનિવાર

વાસણા, અમદાવાદ

પ્રાપ્તિસ્થાન

દિવ્યદર્શન ટ્રસ્ટ, કુમારપાળભાઈ વી. શાહ,

૩૯, કલિકુંડ સોસાયટી, જિ. અમદાવાદ - ૩૮૭ ૮૧૦.

ફોન : ૦૨૭૧૪-૨૨૫ ૪૮૨

www.jainonline.org

રૂપેશભાઈ વોરા

૮૨, ફતેહપૂરા ગામ, ઉમંગ મ્યુનિસિપલ સ્કુલની સામે, અમદાવાદ - ૩૮૦ ૦૦૭

ફોન : ૯૫૮૬૧ ૨૩૪૪૬

ઉર્મિલભાઈ શાહ

ડી/૨/૩, નૂતનજીવન કો.હા.સો., કૃપાનગર, ઈર્લા, વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ - ૫૬.

ફોન : ૯૮૨૦૫ ૨૭૭૧૦

સમર્પણમ્

ગુરુદેવ !


આપશ્રી જિનશાસનના સર્વયોગો પ્રત્યેના
આદરભાવના કારણે ઉત્કૃષ્ટ આરાધક છો.

આપશ્રીના પાવન વચનોના માધ્યમે અમે પણ આદરભાવ
કેળવી શકીએ અને આરાધનાને યોગ્ય બની શકીએ

એ જ એક આશિષયાચના સાથે

આપશ્રીનું આપને જ અર્પણ

અમારું સર્વસ્વ આપશ્રીને જ સમર્પણ



: સૌજન્ય :

પૂજ્યપાદ ગચ્છાધિપતિ ગુરુદેવશ્રીની
'મૌખિક' વાચનાને 'મુદ્રિત' કરવાનું સૌભાગ્ય
જે પરિવારને સાંપડ્યું...

માતુશ્રી સુમિત્રાબેન બચુભાઈ શાહ
હ. રેણુકાબેન પંકજભાઈ શાહ
કૃણાલ, સન્ની - ક્રેયાંશ - વીરાંશ

❀ ❀ ❀

શ્રીમતી અરવિંદાબેન બાબુલાલ શાહ
હ. વિક્રમભાઈ, કેયૂરભાઈ, જિજ્ઞેશભાઈ

ભગવાન જ શ્રેષ્ઠ :

ત્રણેય કાળના કોઈ પણ જીવ ભગવાનથી ચઢિયાતાં હોય ? ના હોય. બધી જ શક્તિઓનો સંચય પરમાત્મામાં જ થતો હોય છે. કોઈ પણ વાતની ઉણપ પરમાત્મામાં હોય જ નહીં. પરમાત્માનું પુણ્ય એટલું પરાકાષ્ઠાએ હોય છે કે એમની હરોળમાં માત્ર વર્તમાનકાળના જ નહીં, પરંતુ ત્રણેય કાળના કોઈ પણ જીવ ઊભા રહી શકે નહીં.

ભગવાન કોઈની સહાય લે ? :

દેવો ક્યારેક ક્યારેક કોઈક વ્યક્તિ સાથેના પૂર્વભવના સંબંધથી, મમતાથી અથવા તો એના પુણ્ય-પ્રકર્ષથી એની સહાયરૂપે સેવા કરવા માટે આવતાં હોય છે, પરંતુ ભગવાનની સેવામાં રહેવા-વસવા માટે ઈન્દ્રો સુધીના બધા જ દેવો તલપાપડ હોય છે. તો શું ભગવાન ઈન્દ્રની સહાય-સેવા લે ? ના. કારણ કે ભગવાન કોઈ પણ શક્તિથી કોઈનાથી પણ ઊતરતાં નથી હોતાં.

સૌધર્મ ઈન્દ્રએ ભગવાનને દીક્ષા બાદ વિનંતી કરી કે, 'આ સિદ્ધાર્થ દેવ આપના માસિયાઈ ભાઈ છે, એને આપની સેવામાં રાખું ?' ઈન્દ્રએ ખુદ ભલે સેવામાં રહેવાની માગણી કરી, પરંતુ પોતે કેમ ના રહ્યા ને સિદ્ધાર્થને મૂકવાની વાત કેમ કરી ?

ભગવાનને નિકાચિત કર્મોના ઉપસર્ગો હતાં અને એ ભોગવ્યા પછી જ કેવલજ્ઞાન થવાનું હતું. આવી ભવિતવ્યતા હોય, ત્યારે બુદ્ધિ સૂઝે નહીં. ઈન્દ્ર પોતે ૧૨ વર્ષ સેવામાં ના રહી શકે, તેવું ન'તું, પણ જે ભવિતવ્યતા નિશ્ચિત હોય છે, ત્યાં બુદ્ધિ સૂઝે

નહીં, એટલે ભગવાનના કર્મો ભોગવવામાં ઈન્દ્રો પણ સહાય કરી શકે નહીં.

ભગવાનને કેવલજ્ઞાન થવાનું છે; એ નિશ્ચિત છે. નિશ્ચિતકાળે કેવલજ્ઞાન થવાનું છે. ત્યાં સુધીમાં કર્મ ખપાવાના છે. એ કર્મ ખપે નહીં, તો કેવલજ્ઞાન થાય નહીં. નિશ્ચિત કેવલજ્ઞાન થવાની ભવિતવ્યતામાં અને એ માટેની સાધના-ઉપસર્ગોમાં-કર્મો ખપાવવામાં ઈન્દ્ર પણ સહાય કરી શકે નહીં, અને ભગવાનને એવી સહાયની જરૂર પણ પડે નહીં. કારણ કે ભગવાન અપરિમિત બળવાળા હોય છે.

ભગવાન-ભગવાનમાં તફાવત કેટલો ? :

એક ભગવાન કરતાં બીજા ભગવાનમાં કેટલો તફાવત પડે ? બળમાં તફાવત પડે ? રૂપમાં તફાવત પડે ? ના. કાળના તફાવતથી શરીર નાનું-મોટું હોઈ શકે. ઋષભદેવ ભગવાન ૫૦૦ ધનુષ્યના શરીરવાળા હતાં, મહાવીર સ્વામી ભગવાન સાત હાથની કાયાવાળા હતાં, પણ બન્નેમાં બળ કેટલું ? બધાનું બળ સરખું.

'अपरिमियबला जिनवरा' અપરિમિત બળ એટલે ભગવાનના બળને કોઈ પણ કાળે કોઈ પણ વ્યક્તિ ટપી શકે નહીં, છતાં દેવોને ખબર ન'તી, એટલે સંગમે ભગવાન મહાવીર સ્વામી પર કાળચક્ર મૂક્યું.

ભગવાનનું બળ અને પ્રભાવ :

ભગવાન કોઈ પણ ઉપસર્ગથી કે કોઈ પણ ઉપદ્રવથી નિર્વાણ પામે ખરાં ? માંદા પડે ખરાં ? ૨૪ ભગવાનમાંથી, અત્યાર સુધીમાં થયેલ અનંતાનંત ભગવાનમાંથી કોઈ માંદા પડે નહીં.

નિકાચિત કર્મના ઉદયથી ભગવાન મહાવીર સ્વામીને ૬ મહિના લોહીના ઝાડા થયેલા એ અચ્છેરા રૂપે અલગ વાત છે, બાકી સામાન્યથી ભગવાનને કોઈ રોગ થાય નહીં, કોઈ પીડા થાય નહીં, કોઈ ઉપદ્રવ થાય નહીં.

- ભગવાનને કોઈ ઉપદ્રવ કરવા આવે તો એનું નિવારણ બીજા કરે કે ભગવાન પોતે કરી શકે ? = સ્વયં નિવારણ થઈ જાય.

- શાંતિનાથ ભગવાનને આપણે શા માટે યાદ કરીએ છીએ ? = રોગના નિવારણ માટે. ભગવાન જ્યાં જાય, ત્યાં રોગની શાંતિ થાય.

- કેવલજ્ઞાન થયા પછી ભગવાનનો આવો પ્રભાવ હોય, કે પહેલાં પણ, કે પછી ભગવાન ગર્ભમાં આવ્યા ત્યારથી ? = ભગવાનના અતિશયો જન્મથી છે. જ્યારથી માતાના ગર્ભમાં આવે છે, ત્યારથી જ હોય છે. એટલે ભગવાનના નગરમાં રોગચાળો ફાટે નહીં. ભગવાન જ્યાં જાય, ત્યાં રોગ થાય નહીં. ભગવાનનું જ્યાં સ્મરણ થાય, ત્યાં પણ રોગની શાંતિ થાય.

- ભગવાનને સ્નેહીઓનો વિયોગ થાય ખરો કે નહીં ? = ના. ભગવાન જ્યાં હોય, ત્યાં બધા સાંસારિક વ્યવહારો ચારેબાજુથી સુખમય હોય, કોઈ પણ વ્યવહારો દુ:ખમય ના હોય.

- ભગવાનને ક્યારેય સહાયની જરૂર પડે ? = ભગવાનને સહાયની જરૂર નથી,પણ ક્યારેક દેવો વ્યવહારથી સહાય કરવા આવે.

- ભગવાનને યુદ્ધ કરવા જવું પડે ? ભગવાન કોઈ પણ જગ્યાએ યુદ્ધ માટે ગયા ? યુદ્ધ કર્યું ? = ના. કેમ ના કર્યું ?

ભગવાનનું પુણ્ય એવું પ્રકૃષ્ટ હોય છે કે સામાને ભગવાનના પ્રભાવથી પરાજિત થવું પડે.

ઈન્દ્રના આસન ક્યારે ચલાયમાન થાય ? :

- પાર્શ્વનાથ ભગવાન યુદ્ધ માટે ગયા. પિતાજીને નહીં મોકલવા માટે શિષ્ટાચાર તરીકે, ઔચિત્ય તરીકે ગયા, જવું પડ્યું. ભગવાન ગયા હતાં કે ફરવા ગયા હતાં ? ભગવાન જાણતાં હતાં કે મારે યુદ્ધ નથી કરવાનું, છતાં પણ ભગવાન ગયા. ઈન્દ્રએ માતલી સારથિને મોકલ્યો. રથ ચાલતો આવ્યો ને શત્રુઓ બધા શાંત થઈ ગયા.
- નેમિનાથ ભગવાન શ્રીકૃષ્ણ મહારાજાની સાથે યુદ્ધમાં ગયા. ભગવાન ગયા હતાં કે ફરવા ગયા હતાં ? સહાય કરવા ગયા હતાં ને જ્યારે આફત આવી ત્યારે ઈન્દ્રએ સહાય કરી. ઈન્દ્રના આસન ચલાયમાન થયા.

ઈન્દ્રના આસન ચલાયમાન થાય છે પુણ્યના આધાર પર.

અને ભગવાનનું પુણ્ય એટલું પ્રકૃષ્ટ હોય છે કે ઈન્દ્રના આસન ચલાયમાન થયા વિના રહેતાં નથી.

સિદ્ધાર્થ રાજા-ત્રિશલા રાણી ભગવાનને પાઠશાળામાં મૂકવા લઈ ગયા, ત્યારે ઈન્દ્રનું આસન ચલાયમાન કેમ થયું ? ભગવાને ઈન્દ્રને યાદ કર્યા હતાં ? ના. જગતમાં પરમાત્માની કોઈ પણ અનુચિત્ત પ્રવૃત્તિઓ થાય નહીં. અનુચિત પ્રવૃત્તિ ભગવાનની તો હોય જ નહીં, પણ લોકો જ્યારે અનુચિત પ્રવૃત્તિ (ભગવાન વિષે) કરતાં હોય, ત્યારે પણ ઈન્દ્રનું આસન ચલાયમાન થાય.

જેમ ભગવાનના કલ્યાણક વગેરે પ્રસંગોમાં ઈન્દ્રનું આસન ચલાયમાન થાય ને ઈન્દ્ર આવે, તેમ લોકો અનુચિત પ્રવૃત્તિ કરતાં હોય તેને અટકાવવા માટે પણ ઈન્દ્રનું આસન ચલાયમાન થાય ને ઈન્દ્ર આવે.

આનો અર્થ એ છે કે પરમાત્માનું પુણ્ય એટલું પ્રકૃષ્ટ હોય છે કે કોઈ પણ કાર્ય અટકતું નથી.

ન બોલવું; એ મૂર્ખાઈ કે ગંભીરતા ? :

તો પ્રશ્ન થાય કે, ભગવાન મહાવીર સ્વામીની દેશના નિષ્ફળ કેમ ગઈ ?

ભગવાને દેશના કરી હતી કે દેવતાઓએ એમનું ઔચિત્ય પાળ્યું હતું ? ભગવાન તો કેવલજ્ઞાની હતાં, એ તો સમજતાં હતાં કે અહીં અત્યારે દેશનામાં કંઈ વળવાનું નથી, તો પણ ભગવાન દેશના કરે કે ના કરે ?

ઉત્તમ પુરુષોનો સ્વભાવ ગંભીર હોય છે. કોઈ પણ કાર્ય નિષ્ફળ જવાનું હોય, તો પણ પહેલાં બોલે નહીં. બધા લોકો હોંશ-ઉત્સાહમાં આવી ગયા હોય, તે સમયે ઉત્તમ પુરુષો જાહેરમાં બોલે નહીં કે, 'આમાં કંઈ વળવાનું નથી.' બસ, બધું જોયા કરે.

ભગવાન મહાવીર સ્વામીએ પણ બધું જોયા કર્યું. સમવસરણ પર બેઠા ય ખરાં ને દેશના પણ આપી, આને મૂર્ખાઈ કહેવાય કે ગંભીરતા ? જ્યારે ગુણની પરાકાષ્ઠા આવે, ત્યારે પોતે પોતાના ગુણને જાહેર ના કરે. કોઈ કાર્ય ભવિતવ્યતાથી નિષ્ફળ જવાનું હોય, તો ય ખુલાસો ના કરે.

હીરા જેવા યોગો કોલસા જેવા ક્યારે થાય ? :

ભગવાનની હરોળનું પુણ્ય કોઈનું ના હોય, આવું પ્રકૃષ્ટ પુણ્ય બંધાય શેનાથી ? બધા જ પ્રકારના પુણ્ય બંધાય શેનાથી ? = ધર્મની કોઈ પણ આરાધનાથી ઉત્કૃષ્ટ પુણ્ય બંધાય.

ભગવાનના શાસનમાં અસંખ્ય યોગો છે. એ બધા જ યોગોની આરાધના થઈ શકે કે એ બધા જ યોગો પર આદર-રુચિ રાખી શકાય ? બેમાંથી શું થઈ શકે ?

બોલો, તમારા ઘરમાં ૧૦ જણ હોય, બહારથી કોઈ મહેમાન આવે અને એ નક્કી કરીને આવે કે આપણે આ એકની સાથે નહીં બોલવું, બાકીના નવની સાથે બોલવું. આ એકની સાથે બધા વ્યવહારો કરવા, માંગે તે આપવું પણ એની સાથે બોલવાનું નહીં-કીટ્ટા રાખવી, તો તમારા ઘરના નવ માણસો રાજી થાય કે નારાજ થાય ?

દસની જોડે એકસરખો ભારોભાર વ્યવહાર હોય, તો દસેય માણસો રાજી થાય, પણ દસમાંથી એક જોડે વ્યવહાર થોડો પણ અતડો હોય, તો દસેય જણ નારાજ થાય.

આનો અર્થ શું ? આનો અર્થ આ કે ભગવાનના શાસનના અસંખ્ય યોગોમાંથી એક યોગની પણ જો અરુચિ, ઉદાસીનતા કે ઉપેક્ષા હોય, તો બાકીના બધા યોગો હીરાના હોવા છતાં કોલસાના થાય !

એટલે આપણે શાસનના ક્યા યોગની આરાધના કરવાની ? બધા યોગોની આરાધના થઈ શકતી નથી. ભગવાને પણ બધા યોગોની આરાધના કરી ? ના.

બધા યોગોની આરાધના કોઈ કરી શકતું નથી, પણ બધા યોગોની આરાધના પર આદરભાવ હોવો જોઈએ.

જેના જીવનમાં કોઈ પણ યોગ પ્રત્યે આદરભાવ ના હોય, તો એ ભગવાનના શાસનના સમ્યક્ત્વનો અધિકારી નથી. આનો અર્થ શું ? આનો અર્થ આ કે જેને સાધુ પર આદર ના હોય, તો ય એ યોગનો અધિકારી નથી અને સાધ્વી પ્રત્યે પણ આદર ના હોય, તો ય એ સાધનાનો અધિકારી નથી.

મૂળ વાત એટલી છે કે ભગવાનની હરોળનું-ભગવાન જેવું પ્રકૃષ્ટ પુણ્ય ઉપાર્જન ક્યાંથી થાય ? એ ઉપાર્જનની શરૂઆત ક્યાંથી થાય ? શાસનની ઉપર જેનો અનહદ રાગ હોય તે જ તીર્થંકર થઈ શકે. તીર્થંકર ભગવંતો કોઈ પણ યોગની પ્રરુપણા કરે, પણ એમાં બીજા બધા જ યોગોની સાપેક્ષતા હોય.

એટલે, પુણ્યની વધ-ઘટ કોના આધાર પર થાય ? યોગના આધાર પર કે યોગના આદરના આધાર પર ?

- આદર જેનો જઘન્ય, તે મૂંડકેવલી થાય.
- આદર જેનો મધ્યમ, તે ગણધર, પ્રભાવક આચાર્ય થાય અને
- આદર જેનો ઉત્કૃષ્ટ, તે તીર્થંકર થાય.

સાધુ પર આદર કેટલો ? :

ભગવાનના શાસનના બધા જ યોગો પર, બધા જ અંગો પર આદરભાવ જોઈએ.

અમે તમારા ઘરે ગોચરી વહોરવા આવીએ, તમે વહોરાવો. પછી અમને ગોચરી વધી, તો અમે રખ્યામાં ચોળીને પરઠવી દઈએ કે

તમને પાછી આપીએ ? અમે તમારી આંખ સામે જ રખ્યામાં પરઠવી દઈએ, તો તમને શું ભાવ થાય ? આદર ટકી રહે કે આદર ઘટે ?

વસ્તુની કિંમત કરતાં સાધુની કિંમત ઓછી હોય, તો આદર ઘટે.

તમે હાથમાં પહેરવાની નવી ઘડિયાળ લાવ્યા હોવ ને ઘરે નાનો છોકરો એ ઘડિયાળ લઈને ફેંકી દે, તો છોકરા પર અનાદર-અરુચિ થાય ? ના. કારણ કે ઘડિયાળ કરતાં છોકરાની કિંમત વધારે સમજી છે.

એમ, વસ્તુની કિંમત કરતાં સાધુની કિંમત વધારે સમજી હોય, તો ક્યારેય સાધુ પર અનાદર ના થાય.

કિંમત ભગવાનની કે હીરાની ? :

જગતમાં આદર શેના પર વધારે ? સાચા હીરાના નંગ પર આદર વધારે કે ભગવાન પર આદર વધારે ?

આજે ભગવાનની આંખોમાં હીરા જડાય છે. આ રીતે હીરા જડાય કે ના જડાય ? તમે ગમે એટલા શ્રીમંત હોવ, છતાંય તમારી આંખોમાં હીરા જડાવો છો ખરાં ? મોતીયો ઉતરાવો, તે વખતે હીરા જડી નાખો તો ચાલે કે ન ચાલે ? બોલો, કોઈની પણ આંખોમાં હીરા જડેલા છે ખરાં ? કેમ નહીં ?

આંખની આજુબાજુ કોઈ પણ આભૂષણ બનાવો તે ચાલે, પણ આંખની અંદર ન ચાલે. તો, ભગવાનની આંખોમાં હીરા કેમ જડાવો છો ? કારણ કે હીરાની કિંમત છે, હીરા દેખાય છે, નામ આવે છે. પણ આંખમાં હીરા ના જડાય એ ખબર નથી પડતી, ભગવાન કરતાં હીરાની કિંમત વધારે સમજી રાખી છે માટે.

પુણ્ય શેનાથી બંધાય ? :

વાત આટલી છે કે ભગવાન પર આદર ક્યારે કહેવાય ? ભગવાનના શાસન પર આદર ક્યારે કહેવાય ? = જ્યારે વિવેક આવે, ત્યારે આદર કહેવાય.

એક વ્યક્તિ ભગવાન માટે સોનાનું આભૂષણ લાવે, બીજો મુગુટ ચઢાવે, ત્રીજો સોનાનું ખોખું બનાવે અને એક વ્યક્તિ સાધુ ભગવંતને પૂછી કોઈ ગ્રંથ લખાવે, તો લાભ-પુણ્ય શેમાં વધારે, સાધુ ભગવંતના કામમાં કે ભગવાનની ભક્તિમાં ? = જ્યારે જ્યારે જેની જરૂરીયાત હોય, ત્યાં લાભ વધારે.

મહેમાન ઘરે જમવા આવે ને થાળીમાં બધું પીરસીને પછી કહો કે આજે તમારી પરીક્ષા માટે દાળ નથી બનાવી, તો ચાલે કે ન ચાલે ? ભાત બનાવો, પણ દાળ ના બનાવો તો ચાલે કે ના ચાલે ? દાળ જરૂરીયાત છે, તે ન હોય તો ના ચાલે. એમ, ભગવાનના શાસનમાં જે જરૂરીયાત હોય, તે ન પૂરાય તો ના ચાલે. જે આવશ્યક હોય, તેમાં લાભ લઈએ, તો પુણ્ય વધારે બંધાય.

ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ, મધ્યમ પુણ્યનો બંધ... આ બધું કોના આધાર પર થાય ? વિવેકના આધારે.

આદર એ પરાકાષ્ઠાનું પુણ્ય છે.
વિવેક એ પુણ્યનું માપકયંત્ર છે.

વિવેક જેટલો વધતો જાય, એટલો આદર વધતો જાય. જેટલો આદર વધતો જાય, એટલું પુણ્ય વધતું આવે. પરાકાષ્ઠાના આદરથી પરાકાષ્ઠાનું પુણ્ય બંધાય. એટલે,

જ્યાં વિવેક, ત્યાં પુણ્ય.
જ્યાં અવિવેક, ત્યાં આશાતના.

જ્યાં વિવેક હોય, ત્યાં પુણ્ય આવે.
જ્યાં વિવેક ના હોય ત્યાં પુણ્ય ના આવે.

ધર્મી આત્માનું બીજ :

આ જગતમાં જેમ ભગવાન કાયમ માટે હોય છે, તેમ ધર્મી આત્માઓ પણ કાયમ માટે હોય છે, જેમ નવા-નવા ભગવાન થાય છે, તેમ નવા-નવા ધર્મી આત્માઓ પણ પાકે છે.

ખેડૂત ઘણા હોય, ખેતરની જગ્યા પણ ઘણી હોય, વરસાદ ઘણો હોય, માટીમાં પણ કસ હોય, પણ પાક થાય શેનાથી ? બીજ વગર પાક થાય નહીં.

૧૦ ભગવાનનું, ધર્મી આત્માનું બીજ શું છે ? = ભાવ.

ભાવ એ બીજ છે ને પરમાત્મા એ ભાવ બીજને ઉત્પન્ન કરનાર જીવંત બીજ છે. ભગવાન પણ ઉત્પન્ન થાય છે શાસનથી. કોઈ પણ ભગવાન શાસન સિવાય ઉત્પન્ન થઈ શકતાં નથી, જૈનેતર દર્શનમાંથી ક્યારેય ભગવાન થાય નહીં, બીજા કોઈ બાવા-સંન્યાસીથી ભગવાન થવાતું નથી.

એટલે ભગવાન-જિનનામકર્મની નિકાચના જૈનશાસનથી જ થાય છે. બીજા કોઈ શાસનથી જિનનામકર્મ નિકાચિત થતું નથી. જિનનામકર્મ નિકાચિત થયા પછી પ્રકૃષ્ટ પુણ્ય પણ જિનનામકર્મથી બંધાય છે. પરમાત્માના પ્રકૃષ્ટ પુણ્યનો આધાર જિનનામકર્મની નિકાચના છે.

કોઈ પણ પુણ્યનો પ્રકર્ષ જૈનશાસનથી જ થાય છે.

દેવો ચઢે કે ચક્રવર્તી ? :

ચક્રવર્તીનું પુણ્ય વધારે કે દેવોનું પુણ્ય વધારે ? દેવો મોટા કે ચક્રવર્તી મોટા ? દેવોનું રૂપ વધારે કે ચક્રવર્તીનું રૂપ વધારે ? દેવોની શક્તિ વધારે કે ચક્રવર્તીની શક્તિ વધારે ?

શક્તિ દેવોની વધારે, રૂપ પણ દેવોનું વધારે. જેમ જેમ નીચેના દેવો હોય, તેમ તેમ ઉપરના દેવોની અપેક્ષાએ રૂપ ઓછું હોય, શક્તિ ઓછી હોય. સામાન્યતઃ ૧ પલ્યોપમ આયુષ્યવાળા વ્યંતર દેવનું પણ બળ ચક્રવર્તી કરતાં વધારે હોય, રૂપ પણ ચક્રવર્તી કરતાં વધારે હોય. આ બધું વધારે હોવા છતાં પણ ચક્રવર્તીનું પુણ્ય દેવોને ના બંધાય. દેવતાનું પુણ્ય ચક્રવર્તી કરતાં ઊતરતું. દેવો પાસે સામગ્રી ભલે વધારે, છતાં પણ એમણે ચક્રવર્તીની સેવામાં આવવું પડે.

ચક્રવર્તી જે-જે દેવો માટે અટ્ઠમ કરે, તે-તે દેવોનું રૂપ-બળ વગેરે બધું ચક્રવર્તી કરતાં પણ વધારે, છતાં એ દેવોએ ચક્રવર્તીને વશ થવું પડે-રહેવું પડે.

કારણકે મનુષ્યભવનું પુણ્ય, ચક્રવર્તીનું પુણ્ય વિશિષ્ટ આરાધનાથી જ મળે છે. જ્યારે દેવોનું પુણ્ય તો સામાન્ય સમાધિ પણ મળે.

એટલે દેવગતિમાં ભોગની સામગ્રી-પુણ્ય, લક્ષ્મી, સેવકો વગેરે સુલભ છે. મનુષ્યગતિમાં આ બધું છે, પણ એ વિશિષ્ટ પુણ્યથી મળે છે ને વિશિષ્ટ પુણ્ય ધર્મથી મળે છે.

દેવો કરતાં ચક્રવર્તીનું પુણ્ય વધારે ને દેવો અને ચક્રવર્તી કરતાં બધી રીતે પરમાત્માનું પુણ્ય અનંતગણું વધારે હોય.

વિશિષ્ટ આરાધના વિશિષ્ટ પ્રકૃષ્ટ પુણ્યનું કારણ છે.

નબળા માણસોએ શું કરવાનું ? :

એટલે, જે કોઈ સંસારી આત્માને સંસારની જે કોઈ આપત્તિ હોય, તેણે શું કરવાનું ? આપત્તિ ધનની હોય, પરિવારની હોય, બળની હોય, કે કોઈ ઈચ્છા હોય, તેણે શું કરવાનું ?

માણસ શરીરનો નબળો હોય, તે શું કરે ? દવા કરે કે ના કરે ? તો નબળા માણસોએ દવા કરવાની ને તપની સાધના નહીં કરવાની ? જપની સાધના નહીં કરવાની ? અરિહંત પરમાત્માની ઉપાસના નહીં કરવાની ?

શાંતિ માટે શાંતિનાથ ભગવાનનો જાપ કરીએ છીએ કે નથી કરતાં ?

ઉપદ્રવ નિવારણ માટે પાર્શ્વનાથ ભગવાનનો જાપ કરીએ છીએ કે નથી કરતાં ?

ભગવાનની આરાધના બધા જ દુ:ખોને કાપનારી છે. એમ ને એમ કરેલી ભગવાનના શાસનની આરાધના કયું દુ:ખ ના કાપે ? કયું સુખ ના આપે ?

શાસન સર્વશક્તિ સંપન્ન :

આનો અર્થ એ છે કે ભગવાન પોતે સર્વશક્તિ સંપન્ન છે અને ભગવાન જે શાસન સ્થાપે છે, તે પણ સર્વશક્તિ સંપન્ન હોય છે. કાળદોષથી, સાધનાની મંદતાથી વર્તમાનકાળે એ ન દેખાતું હોય, એ વાત જુદી છે, પણ ભગવાનના શાસનમાં એકેય કાર્ય અધૂરું નથી, એકેય કાર્ય સિદ્ધ ન થાય એવું નથી.

કારણ કે ભગવાનના શાસનમાં પુણ્યની પરાકાષ્ઠા છે, શક્તિની પરાકાષ્ઠા છે, બુદ્ધિની પરાકાષ્ઠા છે.

ચૌદ પૂર્વધરો જેવી બુદ્ધિ બીજી કોઈ જગ્યાએ બીજા કોઈને થતી નથી. દેવતાઓ કરતાં પણ ચૌદ પૂર્વધરોની બુદ્ધિ ચઢિયાતી હોય.

દેવતાઓ પરીક્ષા કરવા આવે ખરાં, પણ બુદ્ધિની પરીક્ષા કરવા આવ્યા હોય એવું કોઈ જગ્યાએ સાંભળ્યું ખરું? કોઈ સાધુની પરીક્ષા કરવા આવ્યા હોય એવું સાંભળ્યું ?

સભા : પૂ. મલ્લવાદી સૂ.મ. ની બુદ્ધિની પરીક્ષા કરવા સરસ્વતી દેવી આવ્યા હતાં ને ?

સાહેબજી : સરસ્વતી દેવી પરીક્ષા કરવા આવ્યા હતાં કે એનાથી ખુશ થઈ બક્ષિસ આપવા આવ્યા હતાં ? સરસ્વતી દેવી તો પરીક્ષાના નામે પ્રસન્ન થઈને મુખ્યત્વે આપવા જ આવ્યા હતાં.

વાત આટલી છે કે ભગવાનનું શાસન કોઈ વાતે ઊણપવાળું નથી. ભગવાન પોતે જેમ કોઈ શક્તિથી ઊણપવાળા નથી, તેમ ભગવાનનું શાસન પણ કોઈ શક્તિથી ઊણપવાળું નથી.

હવે, આ શાસન પામી આપણે આરાધનાની ઊણપ રાખીએ તો કેમ ચાલે ?

શ્રદ્ધાની પરીક્ષા :

કોઈ સાધુ મહારાજ તમારા ઘરે આવે અને તમે ગળામાં જે કંઠી પહેરી હોય તે માગે, તો અપાય કે ના અપાય ? ભગવાનના શાસનમાં શું ના અપાય; એ જ પ્રશ્ન છે. શિષ્ય અપાય, છોકરાઓ અપાય, બાપા ય અપાય ને એક કંઠી ના અપાય ? અમે

તમારી શ્રદ્ધાની પરીક્ષા કરતાં હોઈએ તો ખબર પડે કે તમને કંઠીની મમતા કેટલી છે ? એટલે ભગવાનના શાસનની આરાધનામાં કોઈ વાતની-વસ્તુની કે શ્રદ્ધાની ઊણપ રાખીએ એ ના ચાલે.

આરાધનાથી વંચિત રાખનાર કોણ ? :

ભગવાનના શાસનમાં બધી શક્તિઓ રહેલી છે, બધી શક્તિઓ ઉત્પન્ન થાય છે.

આ શાસનની આરાધના શી રીતે થાય ?

- તપથી થાય ? જ્ઞાનીની નિંદા કરનારને તપ કરવાથી શાસનની આરાધના થાય ?
- જે જ્ઞાની છે, એ તપસ્વીની નિંદા કરે, તો એને જ્ઞાન ભણવાથી શાસનની આરાધના થાય ?
- જે બુદ્ધિવાળો છે, એ બુદ્ધિહીનની નિંદા કરે, તો શાસનની આરાધના થાય ?

એવી કઈ વસ્તુ છે જે આપણને શાસનની આરાધનાથી વંચિત રાખે છે ?

તમારા ઘરમાં એક છોકરો તોતડો-બોબડો હોય ને તમારા ઘરે ૫૦ માણસો ભેગા થયા હોય, ત્યારે તમે એમ જાહેર કરો કે આ છોકરો તોતડો-બોબડો છે ? ના કરો. તો સાધુની કે શ્રાવકની નિંદા, એ છોકરાને તોતડો-બોબડો જાહેર કરવા જેવું છે.

આપણું ઘર એટલે ભગવાનનું શાસન. એમાં કોઈ વાતે કંઈ પણ ઊણપ હોય, તો પણ ઘરની વાત ઘરમાં જ પતાવાય, બહાર ન બતાવાય. અને જે માણસ બહાર બતાવે તે ભગવાનના શાસનમાંથી આઉટ થાય.

કોઈ પણ સાધુની, કોઈ પણ સાધ્વીની, કોઈ પણ શ્રાવકની કે કોઈ પણ શ્રાવિકાની જે નિંદા કરે છે, તે ભગવાનના શાસનમાં દ્રવ્યથી છે, ભાવથી નથી.

ઘરમાં કોઈને કેન્સર, T.B. નો રોગ થયો હોય, ડોક્ટર જોવા આવે ને એને ચોક્કસ થઈ જાય કે, આ માણસ અઠવાડિયાથી વધારે કાઢે એમ નથી, તો તમે શું કરો ? ઘરના બધા માણસોને ભેગા કરીને જાહેર કરો કે, આ અઠવાડિયાથી વધારે નહીં જીવે, કે પછી ઘરના જે મોભી-મુખ્ય વડીલ હોય તેની પાસે જઈને કાનમાં વાત કરો ?

એટલે જે વ્યક્તિ સંઘના કોઈ પણ સભ્યની જાહેરમાં નબળી વાત કરે, તે સંઘમાંથી આઉટ છે. જે સંઘની વ્યક્તિને નિહ્નવ કહે, નાસ્તિક કહે, અનાદર કરે, એ માણસ કદાચ સાચું પણ બોલતો હોય, છતાં પણ એની સાથે વ્યવહાર કરાય ? ના. એની સાથે વ્યવહાર કરવાથી આપણને પણ સંઘની વિરાધના થાય.

જે વ્યક્તિ સંઘના સભ્યોની નિંદા કરે, એ વ્યક્તિની સાથે જે કોઈ વ્યક્તિ વ્યવહાર કરે, તે દ્રવ્યથી સંઘની સાથે હોવા છતાં ભાવથી સંઘની બહાર છે.

ભગવાને સંઘની સ્થાપના કરી છે, તે આબરૂ વધારવા માટે કે આબરૂ ઘટાડવા માટે ? બધાની વચ્ચે કોઈનો દોષ જાહેર કરીએ, તો સંઘની આબરૂ વધે કે ઘટે ?

પેલા બાદશાહે સંઘપતિ ઝાંઝણશાને કહ્યું કે, 'તમારા સારા-સારા માણસોને જમવા લઈ આવજો.'

તો સંઘપતિ ઝાંઝણશાએ કહી દીધું: 'અમારો આખો સંઘ સારો છે.'

બાદશાહે પરીક્ષા કરી કે, 'હું મારા આખા ગામને સારું કહું તો શું કરશો ?' તરત જ ઝાંઝણશાએ આખા ગામને જમાડવાની વાત સ્વીકારી લીધી.

સંઘના 'સારા માણસો' કહો એટલે બાકીના બધા 'નબળા' છે ? પૈસાની અપેક્ષાએ નબળા હોય, પણ શ્રદ્ધાની અપેક્ષાએ બધા ચઢિયાતા છે. એટલે, સંઘનો સભ્ય વ્યવહારથી પણ નબળો હોય, એ મજબૂત ક્યારે થાય ? એને જાહેર કરીએ ત્યારે કે એના પક્ષે ઊભા રહીએ ત્યારે ?

મૂળ વાત આટલી છે કે,

- જેના હૃદયમાં શાસન નથી વસ્યું, એ શાસનની ઊણપ જુવે છે.
- જેના હૃદયમાં શાસન વસ્યું છે, તે શાસનને સર્વસ્વ જુવે છે. અને જે શાસનને સર્વસ્વ જુવે છે, તે જ આરાધનાને યોગ્ય છે.

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ બોલાયું હોય, તો મિચ્છા મિ દુક્કડમ્.

"સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણમ્ ।
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ।।"

પૂજ્યપાદ ગચ્છાધિપતિ ગુરુદેવશ્રીનું
આ પ્રવચન સાંભળવા માટે સ્કેન કરો :

www.jainonline.org

- ઇન્દ્રના આસન ક્યારે ચલાયમાન થાય?
- ન બોલવું; એ મૂર્ખાઈ કે ગંભીરતા?
- કિંમત ભગવાનની કે હીરાની?
- દેવો ચઢે કે ચક્રવર્તી?
- આપણને આરાધનાથી વંચિત રાખનાર કોણ?

આ પ્રશ્નોના સમાધાન મેળવવા

માટેનું સરનામું છે :

આરાધના

સિદ્ધાન્ત વાચના શ્રેણિ - ૨